## (A) Online Admission Process :

### i. Registration Process

1. Admission Advertisement in leading news papers
2. PIN purchase from designated branches of ICICI Bank
3. Online Registration on **www.gujacpcadm.nic.in**
4. Online Filling of form and confirmation of Registration
5. Document verification at designated helpcentre (if applicable)

### ii. Choice filling and admission confirmation:

1. After registration process, ACPC will declare academic details and merit list of all eligible canddiates. Candidate needs to verify merit number and categoery as mentioned in registration details.
2. After merit declaration, choice filling will be initiated online. Candidate are advised to fill maximum number of choices available to ensure admission.
3. First round of choice filling will be Mock round. After declaration of its result and based on given analysis, candidate should modify their choices or add more choices if not able to secure admission for actual round.
4. After choice filling for actual round, ACPC will allot admission on basis of merit and choices given by candidate.
5. If candidate wishes to confirm admission, he needs to pay token fee through designated bank branches or online payment.
6. It is mandatory to get admission slip online after paying token fee to confirm the admission allotted.

## (A) ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા :

### i. રજીસ્ટ્રેશન પ્રક્રિયા:

1. અગ્રણી દૈનિક વર્તમાન પત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત
2. નિર્ધારીત કરેલ ICICI બેંક શાખાઓમાંથી પીનની ખરીદી
3. **www.gujacpcadm.nic.in** ની વેબસાઈટ ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન
4. ઓનલાઈન ફોર્મ ભરવું તથા રજિસ્ટ્રેશન કાયમ કરવું
5. નિર્ધારીત સહાય કેન્દ્રો ઉપર દસ્તાવેજોની ચકાસણી (લાગુ પડતું હોય તો)

### ii. ચોઈસ ફિલીંગ અને પ્રવેશ કાયમ કરવાની પ્રક્રિયા:

1. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પછી એસીપીસી દ્વારા બધા લાયક ઉમેદવારોની એકેડમીક માહિતી અને ગુણવત્તા યાદી જાહેર કરાશે. ઉમેદવારે રજિસ્ટ્રેશનની વિગતોમાં ગુણવત્તા નંબર અને કેટેગરી ચકાસવી.
2. ગુણવત્તા યાદી જાહેર થયા બાદ, બેઠકોની ઓનલાઈન પસંદગી કરવાની રહેશે. પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોને ઉપલબ્ધ બેઠકોની મહત્તમ પસંદગીઓ કરવાની સલાહ આપવામાં આવે છે.
3. પ્રથમ પસંદગીનો તબક્કો મોક રાઉન્ડ હશે. જેનું પરિણામ જાહેર થયા બાદ આપવામાં આવેલ વિશ્લેષણનો અભ્યાસ કરી, જો પ્રવેશ મળેલ ન હોય તો વાસ્તવિક તબક્કામાં (Actual Round) પ્રવેશ સુરક્ષિત કરી શકાય તે માટે બેઠકોની પસંદગીમાં સુધારો કે વધારો કરવાનો રહેશે.
4. એસીપીસી દ્વારા વાસ્તવિક તબક્કા (Actual Round)માં ગુણવત્તા નંબર તથા બેઠકની પસંદગીના આધારે ઉમેદવારને પ્રવેશ ફાળવવામાં આવશે.
5. ઉમેદવાર જો મળેલ પ્રવેશ કાયમ કરાવવા માંગતા હોય તો, તે માટે ટોકન ફી રોકડેથી અથવા ઓનલાઈન નિર્ધારીત બેંક શાખામાં ભરી શકશે.
6. ટોકન ફી ભર્યા પછી ફાળવાયેલ પ્રવેશ કાયમ કરવા માટે ઓનલાઈન એડમીશન સ્લીપ કાઢવી ફરજીયાત છે.

**(B) Reporting at Institute:**

If the admitted candidate is NOT willing to participate in the next round of admission in order to upgrade his admission, he has to immediately report to the allotted Institute for registration with Information Letter, Admission Slip, Bank Challan OR Online Fee Receipt and photo copies of all documents. The candidate is not required to submit original certificates/ documents at the institute. The candidate is also not required to make any payment in any manner or on any head until and unless the admission of the current year is declared closed officially by ACPC or notified by this committee. The committee shall notify the last date of reporting at institute, failing which the allotted seat will be treated as cancelled.

**(C) Guidiline for Vacant Seats admission, Cancellation & Fee refund :**

The candidate willing to participate in vacant seats round at institute level shall have to follow the steps as specified in notification/Booklet to become eligible for vacant seat round of admission.

If a candidate takes part in vacant seat admission round without cancelling his earlier allotted seat in online admission process and secures seat in vacant seat round. The cancellation and refund of seat already allotted to him in online counselling shall be as per prevailing rule of notification. In such cases, since the online schedule of cancellation is already over, the refund will only be applicable if the seat vacated by candidate gets filled in the vacant seat round at concerned institute. If the seat remains vacant, the candidate shall not be eligible to get refund of token fee paid and the institute can demand one semester fee. Thus the aspiring candidates are advised to take note of this provision and finalise their status of admission before completion of online cancellation process.

**(B) સંસ્થા ખાતે રીપોર્ટીંગની માહિતી:**

પ્રવેશ મળ્યા બાદ જો ઉમેદવાર આગળના રાઉન્ડમાં ભાગ લેવા માટે ઈચ્છુક ન હોય તે સંજોગોમાં, ઉમેદવારે સંસ્થા ખાતે તુરંત જ એડમીશન સ્લીપ, બેંક ચલણ કે ઓન-લાઈન ફી ભર્યાની પહોંચ સાથે સંસ્થા ખાતે રીપોર્ટ કરવાનો રહેશે. ઉમેદવાર સંસ્થા ખાતે મૂળ પ્રમાણપત્રો / દસ્તાવેજો જમા કરવાના રહેશે નહી. ઉમેદવારે જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા ઓન-લાઈન પ્રવેશ પૂર્ણ થયાની જાહેરાત સત્તાવાર રીતે કરવામાં ના આવે ત્યાં સુધી વિદ્યાર્થીએ કોઈપણ પ્રકારની ફી સંસ્થા ખાતે ભરવાની રહેશે નહી. પ્રવેશ સમિતિ વિદ્યાર્થીને સંસ્થા ખાતે હાજર થવાની છેલ્લી તારીખ જાહેર કરશે, જે વિદ્યાર્થી તે સમય સુધીમાં સંસ્થા ખાતે હાજર થવામાં નિષ્ફળ રહેશે, તેનો ફાળવેલ પ્રવેશ રદ થવાને પાત્ર છે.

**(C) ખાલી બેઠકો પર પ્રવેશ, મળેલ પ્રવેશ રદ કરાવવા અને રદ કરેલ પ્રવેશ પર ફી રીફંડના નિયમો:**

જે ઉમેદવાર સંસ્થા ખાતેની ખાલી બેઠકો પર પ્રવેશ લેવા ઈચ્છુક હોય તે ઉમેદવાર એ પ્રવેશ સમિતિ દ્વારા સૂચિત નિયમો / માર્ગદર્શિકા હેઠળ કાર્યવાહી કરવાની રહેશે.

જો ઉમેદવાર ઓન-લાઈન પ્રક્રિયામાં ફાળવવામાં આવેલ પ્રવેશ ઓન-લાઈન રદ્દ કર્યા વગર ખાલી પડેલ બેઠકોમાં પ્રવેશ સુનિશ્ચિત કરે છે તો ઓન-લાઈન પ્રવેશમાં ભરેલ ફી નું રીફંડ જે તે સમયના પ્રવર્તમાન નિયમ મુજબ રહેશે. આવા કિસ્સાઓમાં કે જ્યારે ઓન-લાઈન પ્રવેશ રદ્દ કરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ છે ત્યારે ખાલી પડેલ બેઠક કોઈ અન્ય ઉમેદવાર દ્વારા સંબંધિત સંસ્થા દ્વારા ભરવામાં આવે તેવા જ સંજોગોમાં ટોકન ફી રીફંડ મળવાને પાત્ર રહેશે અન્યથા મહત્તમ એક સત્રની ફી ની માંગણી કરી શકે છે. આમ ઉમેદવારો આ સંજોગોમાં પ્રવેશ મેળવેલ હોય તો પ્રવેશ ઓન-લાઈન રદ કરવાની સલાહ આપવામાં આવે છે.

# પ્રવેશ સંબંધિત માહિતી

ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માં સીધા પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૧૯ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે. જે માટે ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે ઉમેદવારને ઈન્ટરનેટ માધ્યમ ઉપલબ્ધ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત હેલ્પ સેન્ટરનો એડમીશન અંતર્ગત કાર્યવાહી તથા માહિતી મેળવવા માટે વિનામૂલ્યે ઉપયોગ કરી શકશે. હેલ્પ સેન્ટર તથા બેંકની શાખાઓની વિગત વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર મૂકવામાં આવેલ છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિનાં ૨૪ કલાક કાર્યરત હેલ્પ લાઈન નંબર : **૦૭૯-૨૬૫૬૬૦૦૦** ઉપર સંપર્ક કરી શકાશે.

(૧) **પ્રવેશ યોગ્યતા :** ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સ્વાયત્ત સંસ્થાઓ/યુનિવર્સિટીઓમાંથી સંબંધિત ડિપ્લોમા ઈજનેરીની વિદ્યાશાખાની પરીક્ષા નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૮ માં અથવા એપ્રિલ/મે-૨૦૧૯ માં ઓછામાં ઓછા ૪૫% ગુણ સાથે (અનામત કક્ષા માટે ૪૦%) પાસ કરેલ હોય તેવા ઉમેદવારો.

(૨) ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તમામ ઉમેદવારે રજિસ્ટ્રેશન ફોર્મ તથા અન્ય જરૂરી **પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ સાથે નિર્ધારીત પ્રવેશ કાર્યક્રમમાં** નજીકના નિર્ધારીત હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવી રજીસ્ટ્રેશન કાર્યવાહી પૂર્ણ કરી આ અંગેની પહોંચ મેળવવાની રહેશે. ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો હેલ્પ સેન્ટર ખાતે બતાવવાના રહેશે. પરંતુ કોઈપણ સંજોગોમાં કોઈપણ હેલ્પ સેન્ટર ખાતે જમાં કરાવવા નહી તેની ખાસ તાકીદ કરવામાં આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર ચોઈસ ફિલીંગ તથા પ્રવેશની આગળની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. જે ઉમેદવારો હેલ્પ સેન્ટર ખાતે જઈ રજિસ્ટ્રેશન કરાવી સ્લીપ નહીં મેળવે તેવા ઉમેદવારો આગળના તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં. હેલ્પ સેન્ટરોની યાદી વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર મૂકવામાં આવેલ છે.

(૩) ઓનલાઈન એડમિશનને લગતી તમામ માહિતી જેવી કે નોટીફિકેશન, સંસ્થાઓની યાદી, સંસ્થાઓનો પરિચય, ગત વર્ષના કટ ઓફ માર્કસ, પ્રવેશ પાત્રતા, રીઝર્વેશન પોલિસી, હેલ્પ સેન્ટરોની યાદી, બેન્ક શાખાની યાદી, રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, વિવિધ પ્રકારના ફોર્મ્સ, પ્રવેશ અંગેનો કાર્યક્રમ તથા Latest Updateની માહિતી વેબસાઈટ **www.jacpcldce.ac.in** અને **હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦** પરથી મળી શકશે.

(૪) હેલ્પ સેન્ટર પ્રવેશ કાર્યવાહીના દિવસો દરમ્યાન સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધી, રવિવાર તેમજ જાહેર રજાનાં દિવસો સિવાય કાર્યરતરહેશે. હેલ્પ સેન્ટર પરથી પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી વિનામૂલ્યે થઈ શકશે.

(૫) **પ્રવેશ સમિતિ દ્વારા રજિસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓની પ્રવેશ યોગ્યતા અને મેળવેલ ગુણ લાગુ પડતી યુનિવર્સિટી પાસે વેરીફિકેશન કરાવ્યા બાદ ઉમેદવારના લોગઈનમાં દર્શાવવામાં આવશે.**

**ઉમેદવારોને ડિપ્લોમા પૂર્ણ કરવા માટે ખૂટતા વિષયોની પરીક્ષા (સેમ. ૧ થી ૬) આપેલ હોય અને પરિણામ જાહેર થવાના બાકી હોય તેવા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી શકશે પરંતુ જે ઉમેદવારોના પરીણામ તેઓની યુનિવર્સિટી દ્વારા મેરીટ પ્રસિધ્ધ કર્યાના પહેલા જાહેર કરવામાં આવશે તથા જરૂરી પ્રવેશ યોગ્યતા ધરાવતા હશે તેવા જ ઉમેદવારોનો મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે. જેની લાગુ પડતા ઉમેદવારોએ નોંધ લેવી.**

**ડિપ્લોમાં થી ડિગ્રી ઈજનેરીના પ્રવેશ માટે રજિસ્ટેશન કરતી વખતે ઉમેદવારોએ નીચેની સૂચના ધ્યાને લેવા જણાવવામાં આવે છે. ઉમેદવારો પોતાની માર્કશીટમાંથી બતાવ્યા પ્રમાણે રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.**

| University / Board | Candidate Registration Number Pattern | Digit |
|---|---|---|
| GTU | Enrolment No. | 12 Digit |
| DDU | STID | 10 Digit |
| M. S. University | PNR No. | 16 Digit |
| IGTR | Seat No. | 07 Digit |
| CIPET | Hall Ticket No. | 08 Digit |
| R. K. University | Enrolment No. | 12 Digit |
| Rai University | Seat No. | 12 Digit |
| C. U. Shah University | Enrolment No. | 10 Digit |
| UKA Tarsalia University | Enrolment No. | 15 Digit |
| Ganpat University | Enrolment No. | 11 Digit |
| ITM Vocational | Seat No. | 12 Digit |